હિંમતનગર અને અરવલ્લી ખાતે ૦૨-નવી આદર્શ નિવાસી શાળા શરૂ કરવા અંગેની રૂ.૧.૮૪ કરોડની નવી બાબતની વહીવટી મંજુરીના સુધારા ઠરાવ બાબત.(સને ૨૦૨૫-૨૬)

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક: **SJED/NWR/e-file/17/2024/2301/A-1**
સચિવાલય, ગાંધીનગર.

**વંચાણે લીધા:**

(૧) આ વિભાગનો તા.૦૯/૦૫/૨૦૨૫નો સમાનાંકી ઠરાવ.
(૨) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૦૯/૦૭/૨૦૨૫નો પત્ર.

**પ્રસ્તાવના:**

વંચાણે લીધા ક્રમ (૧) હિંમતનગર અને અરવલ્લી ખાતે ૦૨-નવી આદર્શ નિવાસી શાળા શરૂ કરવા અંગેની રૂ.૧.૮૪ કરોડની નવી બાબતની વહીવટી મંજુરી આપવામાં આવેલ છે. જેમાં વંચાણે લીધા ક્રમ (૨) પરના પત્રથી નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ દ્વારા સને ૨૦૨૫-૨૬ના હિંમતનગર અને અરવલ્લી ખાતે ૦૨-નવી આદર્શ નિવાસી શાળા શરૂ કરવાની નવી બાબતના ઠરાવમાં કુમાર કે કન્યા માટેની આદર્શ નિવાસી શાળાનો ઉલ્લેખ કરેલ ન હોઇ, આદર્શ નિવાસી શાળા (વિ.જા.), કન્યા, હિંમતનગર તથા આદર્શ નિવાસી શાળા (વિ.જા.), કુમાર, અરવલ્લીનો ઉલ્લેખ કરી સુધારા ઠરાવ કરવા અત્રે દરખાસ્ત કરેલ હતી. જે બાબત સરકારશ્રીના વિચારણા હેઠળ હતી.

**સુધારા ઠરાવ:**

પુખ્ત વિચારણાને અંતે, "સને ૨૦૨૫-૨૬ના અંદાજપત્રમાં સમાવિષ્ટ હિંમતનગર અને અરવલ્લી ખાતે ૦૨-નવી આદર્શ નિવાસી શાળા શરૂ કરવા અંગેની કુલ રૂ.૧.૮૪ કરોડની નવી બાબત"ની જગ્યાએ હવે પછી "સને ૨૦૨૫-૨૬ના અંદાજપત્રમાં સમાવિષ્ટ આદર્શ નિવાસી શાળા (વિ.જા.), કન્યા, હિંમતનગર તથા આદર્શ નિવાસી શાળા (વિ.જા.), કુમાર, અરવલ્લી ખાતે એમ કુલ ૦૨-નવી આદર્શ નિવાસી શાળા શરૂ કરવા અંગેની કુલ રૂ.૧.૮૪ કરોડની નવી બાબત" એમ વંચાણે લેવા વિનંતી છે.

ઉક્ત બાબત સિવાય વિભાગના ઉક્ત વંચાણે લીધા ક્રમ (૧)ના ઠરાવની વિગતો, શરતો તેમજ બોલીઓ યથાવત રહેશે.

આ ઠરાવ આ વિભાગની સમાનાંકી ફાઇલ પર અગ્ર સચિવશ્રી(સા.ન્યા.)ની તા. /૦૫/૨૦૨૫ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

e-SD/-
(કેતન ડામોર)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

**નકલ રવાના:**

- માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(ના.વિ.)નાં અંગત મદદનીશશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(સા.ન્યા.)ના અંગત મદદનીશશ્રી, સા.ન્યા અને અ.વિ., સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(ખર્ચ)ના અંગત મદદનીશશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(આ.બા.)ના અંગત મદદનીશશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી(સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેક્ટ ફાઈલ-૨૦૨૫.

Signature Not Verified
Signed by:Ketan Damor
Section Officer
Date:2025.07.19
10:59:56 +5:30